This Question Paper consists of 13 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 8 મુદ્રિત પાનાં છે.

**Roll No.** / **અનુક્રમાંક** | | | | | | | | | | | | |

**Code No. 59/SS/O/G**
**કોડ સં.**

**SET / સેટ – A**

# GUJARATI
# ગુજરાતી
# (307)

**Day and Date of Examination** ____________________
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**

**Signature of Invigilators** 1. ____________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)**

2. ____________________

---

**સામાન્ય સૂચના :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દાખલા તરીકે (A), (B), (C) અથવા (D)માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

5 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **59/SS/O/G-A** લખવી.

# GUJARATI
# ગુજરાતી
# (307)

**સમય : 3 કલાક ]** **[ કુલ ગુણ : 100**

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.
(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

**વિભાગ - 1**

**1** નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો : **4**

મેદની વિખરાય;
ને આ વૃદ્ધ જેની કાય
તે લોહાર આવી કાષ્ટના એ ક્રૂસ પાસે
(જે થકી નીતરી રહ્યું છે રક્ત એવું શુદ્ધ જાણે સૂર્યનું
ને લોચને વિલસે વળી તો ચંદ્રનું માધુર્ય શું !)
જઈ જુએ શો એક શ્વાસે :
મેં મકાનો બાંધવાને જે ઘડ્યા
રે, તે ખીલા તો અહીં જડ્યા !

**અથવા**

નિર્દોષ ને નિર્મળ આંખ તારી,
હતી હજી યૌવનથી અજાણ.
કીધો હજી સાસરવાસ કાલે,
શૃંગાર તેં પૂર્ણ ચિતા મહીં કર્યો.
પ્હેરી રહે જીવનચૂંદડી જરી
સરી પડી ત્યાં તુજ અંગથી એ.
સંસારના સાગરને કિનારે,
ઊભા રહી અંજલિ એક લીધી;
ખારું-મીઠું એ સમજી શકે ત્યાં
સરી પડ્યો પાય સમુદ્રની મહીં.

2 નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના જવાબ આપો : 4

(ક) 'મુજ અબળાને મોટી મિરાત, બાઈ, શામળો ઘરેણું મારે સાચું રે'

- આ કાવ્યપંક્તિ સમજાવો.

(ખ) શામળ શા શેઠનું રૂપ કોણે લીધું છે ? એવું શા ઉપરથી કહી શકાય ?

(ગ) ગાંધીજી 'વિશ્વશાંતિ' કયા માર્ગે ઇચ્છતા હતા ?

(ઘ) ઘડપણમાં વ્યક્તિના ચિત્તમાં કેવી સ્મૃતિઓ ઉભરાય છે ?

3 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો : 2

(ક) મીરાંબાઈ કયાં કયાં ઘરેણાંની વાત કરે છે ?

(ખ) દામોદર દોશી સાથે કોણ કોણ છે ? એ શું લાવ્યા છે ?

(ગ) માંગલ્યનો માર્ગ કેવો છે ?

(ઘ) સાંજ પડે ત્યારે પંખીઓ સામાન્ય રીતે ક્યાં પાછાં ફરે છે ? શા માટે ?

4 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો : 8

(ક) ગતિ છકડાની છે કે ગિલાની છે ? તમારા જવાબ માટે કારણ આપો.

(ખ) તમે રાજીમાના મોટા દીકરા હો તો માને કેવો પત્ર લખો ?

(ગ) રાજીમાનો અને દીકરાઓનો સંબંધ હવે કેવો થઈ ગયો ગણાય ?

(ઘ) ભણેલાઓની કઈ મર્યાદા તરફ રવિભા આંગળી ચીંધે છે ?

5 નીચેનામાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો : 6

(ક) ગિલાના ડોહાએ આખી જિંદગી બે ય લૂગડાં એક સાથે શા માટે નવાં સીવડાવેલાં નહીં ?

(ખ) 'એક ફેરામાં કાનાનું ગાડું ઓહો દોડે છે'. વાક્યમાં 'ગાડું દોડે'નો અર્થ શો કરશો ?

(ગ) રાજીમાનું ડેલીબંધ ઘર શું સૂચવે છે ?

(ઘ) 'સઘરિયાં આવવું' એટલે કઈ રીતે આવવું ?

(ઙ) 'વાલેકુમ સલામ'નો શો અર્થ થાય ?

6 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અને (D) માંથી જે ઉત્તર આપવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો. (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ તમારી ઉત્તર પુસ્તિકામાં લખો.) **10**

(ક) નીચેનામાંથી કૃષ્ણને લાગુ પડતું ન હોય તેવું નામ કયું છે ?

(A) હરિ (B) વિઠ્ઠલ

(C) પુરુષોત્તમ (D) પરશુરામ

(ખ) 'ષટ દર્શને ખોળ્યો ન લાધે રે' પંક્તિનો અર્થ શું થાય ?

(A) છ વખત જોવાથી પણ જે મળે નહીં.

(B) છ વખત દર્શન કરવાથી જ મળે.

(C) દર્શન નામધારી છ માણસો ભેગા થાય તો શોધી શકે.

(D) ન્યાય, વૈશેષિક, મીમાંસા, સાંખ્ય વગેરે છ વૈદિક તત્ત્વદર્શનોથી પણ જેને જાણી શકાયો નથી.

(ગ) 'પટકા'નો અર્થ શું થાય ?

(A) પટકુળ એટલે કે રેશમી વસ્ત્રો (B) માથે બાંધવાનો કટકો

(C) ફાળિયું (D) ગળે બાંધવાનો કટકો

(ઘ) 'વામન'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(A) કદાવર (B) વિરાટ

(C) અલ્પ (D) વિશાળ

(ઙ) 'સંધા તાગડધિન્ના છકડા માથે છે'નો અર્થ શું થાય ?

(A) બધી સાહ્યબી છકડાને માથે છે.

(B) છકડાને લીધે બધી ચરબી છે.

(C) છકડાને લીધે બધી છનાછની છે.

(D) છકડાના માથા ઉપર બધા કૂદે છે.

(ચ) 'છકડો છૂટે'નો અર્થ શો થાય ?

(A) છકડો ગિલાના હાથમાંથી છૂટે.

(B) છકડો હેન્ડલમાંથી છૂટો થાય.

(C) છકડો ગિલાના જીવનમાંથી વિખૂટો પડે.

(D) છકડો ચાલુ થાય.

(છ) સુલતાનને રાણીમાં શ્રદ્ધા હોવાનું કારણ શું છે ?

(A) રાણી તેની પત્ની છે. (B) રાણી આદમીને પહોંચે - સમજાવે તેવી છે.

(C) રાણી તેની બહેન છે. (D) રાણી ત્યાંની નેતા છે.

(જ) ડીઝલ જેમાં ભરી લવાય તે બેરલનો આકાર કેવો હોય ?

(A) ચોરસ (B) ત્રિકોણ

(C) નળાકાર (D) ગોળ

(ઝ) રાણી આ મોટી માછલીઓ માટે કયો શબ્દ વાપરે છે ?

(A) મઘરાં (B) શાર્ક

(C) વ્હેલ (D) રંગીન માછલી

(ઞ) માજી (રાજીમા) કયા પ્રદેશનાં રહેવાસી છે ?

(A) કચ્છ (B) ડાંગ

(C) ગિરનાર (D) સૌરાષ્ટ્ર

**વિભાગ - 2**

7 નીચે આપેલા ફકરાનું એક તૃતીયાંશ સંક્ષેપીકરણ કરો : **10**

આપણા દેશને માટે સ્વતંત્રતા ઘણી મુશ્કેલીથી મેળવી શકાય એમ છે એમ આપણા દેશની સેવા કરનાર અને સ્વતંત્રતા સંગ્રામના નેતાઓએ ઘણું સારી રીતે જાણી લીધું હતું. અનેક જ્ઞાતિઓ, વાડાઓ, રાજ્યો અને સંપ્રદાયોમાં વહેંચાયેલા આ દેશને એક કરવાનો હતો. એવી એકતાની અને સંપની ભાવના વિના થયેલા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. વળી અંગ્રેજોના શાસનની જીવલેણ પકડ નાગની ચૂડ જેવી સખત હતી. આમાંથી છૂટવા માટે સમાજની ક્રાંતિ માટે વિપ્લવ કરનારો, છટાદાર ભાષણ કરવાની સમર્થ શક્તિ ધરાવનારો, દેશની પરિસ્થિતિનો અને તેનાં બધાં પાસાંનો ચારેબાજુથી મનનપૂર્વક અભ્યાસ કરનારો, પ્રજાના મનને બરાબર સમજનારો, નિસ્પૃહ સાધુચરિત નેતા હોવો જરૂરી હતો.

**અથવા**

સત્તાવન વરસના મનુભાઈનો ધંધો ફૂટપાથ પર બેસી જૂનાં પુસ્તકો વેચવાનો. એમને કોઈ શોખ હોય તો તે એક જ - વાંચવાનો. જ્યારે જુઓ ત્યારે એટલા અવાજો અને શોરબકોર વચ્ચે એકધ્યાન થઈ વાંચતા હોય. ઘરાકો આવે, પુસ્તકો ઊથલાવે, કેટલાક તો બાજુમાં રાખેલી પાંચ-સાત ખુરશીઓ ઉપર નિરાંતે બેઠા બેઠા વાંચે, ચર્ચાઓ ચલાવે પણ મનુભાઈ જેનું નામ. ધ્યાનભંગ થાય એ બીજા. માત્ર ઘરાક પુસ્તક ખરીદવા ઇચ્છે ત્યારે તેની કીમત કહી દે અને પૈસા લઈ લે. ક્યારેક તો એમના હાથમાં ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર', પ્રેમચંદનું 'ગોદાન' કે વિક્ટર હ્યુગોનું 'લા મિઝરાબલ' પણ જોયું છે. અભ્યાસ ખાસ કશો નહીં. ક્યારેક કોઈ પૂછી બેસે કે મનુભાઈ, કેટલું ભણ્યા છો ? તો મરક મરક હસતાં નિખાલસતાથી જવાબ આપે, 'ભાઈ, હું તો અંગૂઠાછાપ છું. નિશાળે જવાનું ભાગ્યમાં જ લખાયેલું નહીં પછી ભણવાની તો વાત જ કેવી ?' પણ આ જવાબ આપતી વખતે ભલું હોય તો એમના હાથમાં હોય મોટું મસ અંગ્રેજી થોથું - અને એ એને રસથી વાંચતા હોય.

## વિભાગ - 3

**8** નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **ચાર**ના ઉત્તર લખો : **16**

(ક) 'દીવો ના બુઝે'ના લેખકના ઘરમાં રસોઈ સંઘર્ષનું કારણ કેમ બની ?

(ખ) માણસ રાતો-રાત પૈસાદાર બનવાના પ્રયત્નો કરે તો શું થાય ?

(ગ) સ્ત્રીઓની સામાજિક કામગીરી વિશે બાની કઈ માન્યતા હતી ?

(ઘ) બાને સમાજમાં શા માટે સૌથી વધુ મહત્ત્વની વ્યક્તિ તરીકેનું માન મળ્યું ?

(ઙ) પ્રમોદબાના જીવનમાંથી કઈ કઈ મુખ્ય બાબતો અપનાવવામાં આવે તો સુખી થવાય ?

(ચ) લેખકના મોસાળના વૈભવ વિશે એક ફકરો લખો.

**9** નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો : **6**

(ક) પ્રમોદબા પાડોશીઓને કઈ કઈ વસ્તુઓ બનાવવામાં મદદ કરતાં ?

(ખ) 'બે છેડા ભેગા કરીને જીવવું' એ રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(ગ) પાન-સિગારેટનું વ્યસન વ્યક્તિ માટે શા કારણે નુકસાનકારક ગણાય ?

(ઘ) બા પ્રેમાનંદની કઈ વાત કરતાં ?

(ઙ) દીકરાની તેની પત્ની પરની ધાકનાં વખાણ કરવાથી બાને શું નુકસાન થયું ?

**10** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો (A), (B), (C) અને (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો. (નીચેના પ્રશ્નોના ઉત્તર માટે પસંદ કરેલો વિકલ્પ આપેલી અલગ ઉત્તર પુસ્તિકામાં લખો.) **10**

(ક) દીકરીઓને કેળવવા માટે બા કયું ઉદાહરણ આપતાં ?

(A) કુમળા છોડનું (B) ચાકડા પર ચડાવવાની માટીનું

(C) ઘોડીના વછેરાનું (D) રોટલીના લોટનું

(ખ) લેખક અને બીજા નાનાં ભાઈ-બહેનો માટે મોટીબેન શું બની ગઈ હતી ?

(A) શિક્ષિકા (B) વડીલ

(C) માર્ગદર્શક (D) બીજી મા

(ગ) ઘરેલુ ઝઘડામાં બા સ્ત્રીઓને મોટે ભાગે કઈ શીખામણ આપતાં ?

(A) છેક સુધી લડી લેવાની (B) પતિ સાથે સમાધાન કરવાની

(C) છૂટાછેડા લેવાની (D) પોલીસમાં ફરિયાદ કરવાની

(ઘ) બાએ દેવું ભરવા શું કર્યું ?

(A) નોકરી શરૂ કરી (B) ઉછીના પૈસાની વ્યવસ્થા કરી

(C) પોતાનાં ઘરેણાં વેચી દીધાં (D) પોતાના પિતાજી પાસે પૈસા માંગ્યા

(ઙ) બાની હિંમતનો સ્રોત શેમાંથી આવતો હતો ?

(A) પ્રભુશ્રદ્ધામાંથી

(B) આત્મવિશ્વાસમાંથી

(C) પોતાની પાસે પૈસા હતા તેમાંથી

(D) પોતાના પિતાજી સમર્થ હતા તેમાંથી

(ચ) બાપુજીની બધી મિલકતનો વહીવટ લેખક કોની સૂચના પ્રમાણે કરતા ?

(A) દાદાજીની (B) કાકાની

(C) બાની (D) મામાની

(છ) બા સવારે વહેલાં ઊઠી કયું ગીત ઘણીવાર ગાતાં ?

(A) જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયાં....

(B) જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું....

(C) મેરુ તો ડગે પણ જેનાં મન નો ડગે....

(D) કોઈ 'દિ સાંભરે નહીં મા મને કોઈ 'દિ સાંભરે નહીં.

(જ) 'ઉંબર મૂકી ડુંગર પૂજવો' કહેવતની સાથે મેળ ખાય તેવી નીચેનામાંથી કઈ કહેવત ગણાય ?

(A) ઉંબર એટલા પૂજે દેવ

(B) ડુંગર એટલા પૂજે દેવ

(C) વહુનાં લક્ષણ ઉંબરામાં

(D) ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો

(ઝ) પ્રાણીજગતમાં લગભગ બધે બાળઉછેરનું કામ સામાન્ય રીતે સ્ત્રી અથવા માદા સંભાળે છે કારણ કે...

(A) તે બાળકને વધારે ચાહે છે.

(B) તે તેને જન્મ આપે છે.

(C) પુરુષને બાળઉછેર આવડે નહીં.

(D) સ્ત્રી ઘરમાં જ રહેતી હોય છે.

(ઞ) શિક્ષક તરીકે સ્ત્રી વધુ સફળ થઈ શકે કારણ કે...

(A) સ્ત્રીઓ વધુ બોલકી હોય છે.

(B) તેઓ પાસે વિદ્યાર્થીઓને આપવા માટે વધુ સમય હોય છે.

(C) તેઓમાં મમતા, સહનશક્તિ અને ધીરજના ગુણ વધુ હોય છે.

(D) તેઓની સમજાવવાની શક્તિ વધુ હોય છે.

## વિભાગ - 4

**11** નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખો : **7**

(ક) સ્ત્રી-સ્વાતંત્ર્ય

(ખ) જગની સૌ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી

(ગ) એ અંધારી રાત !

(ઘ) શૂરા જાગજો રે.

**12** દેશની સરહદની તમે લીધેલી મુલાકાતનો અહેવાલ તૈયાર કરો. **7**

**અથવા**

પૂરગ્રસ્તોને મદદ કરવામાં તમે કરેલી કામગીરીનો અહેવાલ તૈયાર કરો.

**13** સૂચના પ્રમાણે ઉત્તર આપો : **10**

(ક) 'એ અંધારી રાત !' **1**
(વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો)

(ખ) સ્ત્રી-સ્વાતંત્ર્ય, પૂરગ્રસ્ત, માબાપ **2**
(કોઈ પણ બે સમાસ ઓળખાવો)

(ગ) ભલીવાર આવવો, પેટ છૂટી વાત કરવી. **1**
(રૂઢિપ્રયોગોના અર્થ આપો)

(ઘ) એ માછલીઓ વિદેશમાંથી આવે છે. **1**
(વિભક્તિ પ્રત્યય ઓળખાવો)

(ઙ) બેલ હારે બાંધીને લાવીયેં એટલે તો ઈને બેલ કેય. **1**
(વાક્યમાંથી સંયોજક ઓળખાવો)

(ચ) બેલ ખાલી હોય એટલે દરિયે તરે. **1**
(વાક્યમાં ક્રિયા સૂચવાય છે કે પ્રક્રિયા ?)

(છ) એ માછલીને આપણાથી નો પકડાય. **1**
(વાક્ય કર્તરિ છે કે કર્મણિ રચના ?)

(જ) આ કોના નંબર છે ? **1**
(વાક્યનો પ્રકાર જણાવો)

(ઝ) સારું થયું કે તમે સમયસર આવ્યા. **1**
(વાક્યમાંથી ક્રિયાવિશેષણ ઓળખાવો.)

---